પરિપત્ર

જા.નં./મકમ/પી..એફ/૧૩-૧૪/૧૦૪૭

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા.૪-૩ - ૨૦૧૪

**વિષય** – આર.ઓ.પી. -૨૦૦૯ ના પગાર ચકાસણીના બાકી કેસો રજૂ કરવા બાબત
**સંદર્ભ**– નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક – એલ./એચ.કયુ/ઉ.પ.ધો./પ.ચ.એ./૨૦૧૪/૪૮૦ તા. ૧૯/૦૨/૨૦૧૪

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભના પત્રથી નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગરની સુચના મુજબ આર.ઓ.પી. -૨૦૦૯ના તા.૧/૨/૨૦૧૪ની સ્થિતિએ જે કેસો રજુ કરવાના બાકી છે તથા જે કેસો વાંધામાં પરત કરેલ હોઈ તેવા કેસો IFMS અંતર્ગત ઓનલાઈન પગાર ચકાસણીના કેસો કરાવી લેવા તથા ચકાસણી માટે રજુ કરેલ કેસો વાંધામાં પરત કરેલ હોય તો વાંધા પૂર્તતા કરી કેસો રજૂ કરવા તમામ ઉપાડ અધિકારીઓને જણાવવામાં આવે છે. પગાર ચકાસણી એકમ ચાલુ રાખવાની સમય મર્યાદા ટૂંક સમય માટે જ હોય સત્વરે કેસોનો નિકાલ કરવા અંગત ધ્યાન આપવા જણાવવામાં આવે છે. જેથી કર્મચારીઓના આર.ઓ.પી.-૨૦૦૯ના પગાર એરીયર્સના છેલ્લા હપ્તાની રકમ સમયસર ચૂકવી શકાય અને નિવૃત્ત થતાં ક્રમચારીના પેન્શન કેસ આર.ઓ.પી.-૨૦૦૯ના પગારની ચકાસણીના અભાવે થતો વિલંબ નિવારી શકાય. જો કોઈ કેસ બાકી રહી જશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે ઉપાડ અધિકારીની રહેશે.

બિડાણ – સંદર્ભમાં દર્શાવેલ પત્રની નકલ

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>પ્રતિ</u>–
(૧) તમામ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં
(૨) તમામ સંસ્થાઓના ઉપાડ અધિકારીશ્રીઓને જાણ તથા જરુરી કાર્યવાહી સારું

**નકલ સવિનય રવાના** -
નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર ને સંદર્ભના પત્ર અન્વયે જાણ સારૂં